આ પુસ્તક મુંબઈ ઇલાકાની ગુજરાતી પ્રાઇમરી
કન્યાશાળાઓમાં ઇનામ માટે તથા લાઇબ્રેરી
ગાયકવાડ સરકારમાં ઇનામ તથા લાઇબ્રેરી
માટે મંજુર થયેલું છે.

બાળગીત.

લખનાર,

ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ.

ટીચર—અમદાવાદ અને મહિકાંઠા.

પ્રકાશક,

સોમાલાલ મંગળદાસ શાહ,

અધિપતિ ગુજરાતી પંચ,

અમદાવાદ.

સંવત ૧૯૬૯.   સને ૧૯૧૩.

ચોથી આવૃત્તિ.   પ્રત ૫૦૦.

અમદાવાદ - ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કીંમત ૦—૧—૦ (એક આનો.)

બાળગીત.

" I have always believed, and acted up to the belief, that the greatness of a nation, depends, upon the educa- ...viduals, that compose the nation, and ...urn for the money, laid out on education, is more then a underd-foid greater, than the outlay of the same capital, upon any other work."

Extract from a speech of His Highness the late Maharaja Shri Keshrisingji of Idar.
(Bombay Gazette. 11 - 1—1900.)

" અમુક પ્રજાનો ઉદય અગર મ્હોટાઈ, તે પ્રજાની અંદર કેટલાં મનુષ્યોએ કેળવણી લીધેલી છે તેના ઉપર છે; અને કોઇ પણ કાર્ય પાછળ કંઈ થાપણ રોકવામાં આવે તે કરતાં કેળવણી પછવાડે રોકવામાં આવેલી થાપણનો બદલો સોગણો વધારે મળી શકે છે.. ...આ મ્હારી મૂળથીજ માન્યતા છે, અને તે માન્યતાને મ્હેં અમલમાં મૂકેલી છે."

શ્રી ઈડર મેકનાટન હાઇસ્કુલનો પાયો નાંખતી વખતે ઇડરના મર્હુમ મહારાજાધિરાજ શ્રી સર કેસરીસીંહજી સાહેબે કરેલા ભાષણમાંથી, મુંબઈ ગેઝેટ તા. ૧૧--૧-૧૯૦૦ ઉપરથી ઉતારો.

પ્રકાશક,

સોમાલાલ મંગળદાસ શાહ,

અધિપતિ, ગુજરાતી પંચ,

અમદાવાદ.

કીંમત ૦—૧—૦ (એક આનો).

અર્પણ પત્રિકા.

અનેક સદ્ગુણાલંકૃત મહેરબાન
ઠાકોરશ્રી હઠમતસીંહજી સાહેબ,
મેઢાસણ.

કેળવણીની પ્રજામાં વૃદ્ધિ માટે, તેમજ અનેક સાંસારિક કુચાલોમાંથી ઉત્પન્ન થતી અગવડો ભોગવતા જનો માટે આપ સાહેબની લાગણી પ્રસંશનીય છે; **કેળવણી એ અભ્યુદયની જનની છે**, એ પૂર્વના મહર્ષીઓના સૂત્રને અવલંબીને આપ સાહેબનો નિષ્કામ સતત પ્રયાસ જોઇ અત્યાનંદ થાય છે. જાહેરમાં આવવાની કોઈ પ્રકારની ઉહાપોહથી દૂર રહી પ્રજાની સાંસારિક અભિવૃદ્ધિ કરવી એજ આપનું દ્રષ્ટિબીંદુ સ્વીકારેલું જોઇ આપને માટે હરેક સાંસારિક સુધારકને માનની લાગણી પેદા થાય છે; એ વગેરે વગેરે આપના અનેક સદ્ગુણોથી, અને વિશેષે કરીને એક પવિત્ર વર્તનના વિશુદ્ધ ક્ષત્રિ તરિકે દેશકાલ સ્થીતિને અનુસરી, મહાત્મા **મનુ** અને **રાનાડે** સમા મહર્ષીઓની આજ્ઞાનુસાર આપનો સાંસારિક સુધારણાને અર્થે પરિશ્રમ જોઈ આ પુસ્તક આપશ્રીને અર્પણ કરવામાં આનંદ માનું છું.

વિક્રમાર્ક સંવત ૧૯૬૯ અક્ષયત્રતિયા.	આપના અભ્યુદયમાં આનંદ માનનાર, પ્રકાશક.

પ્રસ્તાવના.

આ બાળગીતમાં, બાળાઓ માટે તેઓ સહજથી ઝડપી લે તેવા રાગમાં, મી. ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટની કલમથી ઉત્તમ નીતિશિક્ષણ આપવામાં આવેલું છે. આમાંનાં કેટલાંક ગીત, અત્રેની શ્રીજૈનકન્યાશાળાના સુપરવાઇઝર સાક્ષર શ્રીયુત હીરાચંદ કકલભાઇએ પ્રસિદ્ધ કરેલ જૈન ગાયનમાળાને માટે ખાસ મી. ભટ્ટે કરેલાં છે. કેટલાંક બડોલીવાસી રા. રા. અમથારામ લીલાધર વ્યાસના “ શંકર સ્તવન ” નામના પુસ્તક માટે મી. ભટ્ટે લખેલાં છે. કેટલાંક મી. ચુનીલાલ લલુભાઇ પારેખના ‘સ્ત્રી વિનોદ’ નામના પુસ્તક માટે મી. ભટ્ટે લખેલાં છે.

પ્રથમ કેળવણીની આવશ્યકતા વિષે, તે પછી શિયળ વ્રતને લગતાં તે પછી સુધારાને લગતાં તથા પાછળથી ઉંચા ધોરણની બાળાઓ માટે કેટલા ગરબા આપવામાં આવેલા છે. સ્ત્રી કેળવણીની આવશ્યકતા લીટિએ લીટિએ જણાવી, ગુજરાતને હાલ તેની કેટલી જરૂર છે તે ગુજરાતીઓને જણાવવાની મી. ભટ્ટની ઉત્કંઠા ફળીભૂત થાઓ !

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ ટુંક મુદતમાં જૂદાં જૂદાં દેશી રાજ્યોમાં ઇનામ તરિકે બાળકોમાં વ્હેંચવા ઉપડી ગઇ. તેથી ઇડરના મી. વર્ધમાનદાસ સ્વરૂપચંદે પોતાનાં સદગત ધર્મપત્ની બાઇશ્રી ચંચળકુંવરના સ્મારક તરિકે ખાસ બીજી આવૃત્તિ છપાવી મંગાવવાથી બીજી આવૃતિ કહાડેલી. બીજી આવૃત્તિ છપાતાના દરમ્યાન નામદાર વડોદરા સરકારમાં ઇનામ તથા લાઇબ્રેરી માટે આ પુસ્તક મંજુર કરવામાં આવ્યું અને મુંબાઇ ઇલાકાની ગુજરાતી પ્રાથમીક કન્યાશાળાઓમાં પણ તે સરકાર તરફથી ઇનામ તરિકે મંજુર થવાથી આ ત્રીજી આવૃતિ કહાડવામાં આવી હતી. તે પછી આ ચોથી આવૃત્તિ બહાર પડે છે. ગુર્જર સાહિત્ય સેવા માટેની મી. ભટ્ટની હૃદયોર્મીરૂપ આ લઘુ કાવ્ય વૃક્ષ, કવીવર દલપતરામભાઇની સાથેના લાંબા વખતના પરિચયરૂપી જળ સીંચનથી વૃદ્ધિ પામી આવી રીતે સફળતાને પામ્યું છે તે પરમ સંતોષની વાત છે.

પ્રકાશક,
સોમાલાલ મંગળદાસ શાહ,
અધિપતિ ગુજરાતી પંચ, **અમદાવાદ**

ધનાશ્રી.

વિદ્યાધન ભંડાર, જગમાં વિદ્યાધન ભંડાર;
દે સુખ અપરંપાર, જગમાં વિદ્યાધન ભંડાર.
ખપથી ન ખુટે, ચોર ન લૂટે,
જેને છે ભય ન લગાર. જગમાં.
માત પિતાની સેવ કરાવે,
સુખી કરે સંસાર. જગમાં.
ઇશ્વર ભજવા પંથ સુઝાડે,
શુદ્ધ કરાવી વિચાર. જગમાં.
પરમારથમાં પ્રીત કરવે,
જેથી ઉતરીએ પ.ર. જગમાં.
આ જગમંહિ સરસ ગુણોની,
વિદ્યા મોટી વખાર. જગમાં.
વિદ્યા વિણુ સરવે જન કેરો,
જાય અફળ અવતાર. જગમાં.
બેહા શું આર્ય ! ચતુર ! ભુજ જોડી !
અર્થ ભણ્યે સરનાર. જગમાં.

"ગુજરાતની માલણ આવી રે" એ રાગ.

મને મોકલ ભણુવા માતા રે।
તને કહીશ પછી સુખદાતા રે
માતા ! ઘરમાં જે મારૂં કામ રે,
તે તો કરીશ રજામાં તમામ રે;
ઘેર રાખવાની ટેવ છોડ રે,
મને ભણુવાના ઝાઝા કોડ રે,

રોજ શીખું જઈ સખિયો પાસ રે,
પરીક્ષક મને કરશે પાસ રે;
માજી, ઘેર રહે દુઃખ થાશે રે,
મારૂં ઈનામ મોટું જાશે રે;
મારી સહીયર ભણી ગીત ગાય રે,
મને શીખવાની ઈચ્છા થાય રે;
રૂડો કેળવણીનો કયારો રે,
જેમાં ઉગે 'સુખી જનમારો રે,'
માત પિતા ! આ ઉરમાં ધારો રે,
નહીં અભણના દુઃખનો આરો રે;
ચાહી સુખ કેરા સ્તંભ ચણાવો રે,
ભાવે બાળકી સરવ ભણાવો રે !!

"ગોકુળીએ લઇ ચાલો રે ઓધવરાજ અમને" એ રાગ.

બાળાઓ હરખે ભણાવો,
  સ્વદેશીઓ સાંભળો રે;
ઉર ધરો સુખના ઉહાવો,
  સ્વદેશીઓ સાંભળો રે;
જ્ઞાતિવરા વરઘોડાનાં મ્હોટાં,
  ખરચોનાં લેખાં ગણાવો; સ્વદેશીઓ૦
લગન સમે તમે શીદ થઈ ઘેલા,
  દંભે બાળક પરણાવો; સ્વદેશીઓ૦
ધર્મના પંથે ભુલા નવ પડશો,
  કીર્તિના સ્તંભ ચણાવો; સ્વદેશીઓ૦

ઇચ્છો ઉદય ગુજરાત તણો તો,
ભાવે સુતાને ભણાવો. સ્વદેશીઓ૦
શાળા બાળાઓ માટે સ્થાપવામાં,
ઔદાર્ય અધિક જણાવો; સ્વદેશીઓ૦

રાગ વ્હાણેલાંનો.

જાગો ! જાગો રે ! મ્હારી ગુર્જરી બ્હેનો કે
વ્હાણેલાં ભલાં વાયાં રે,
પૂર્વ દીશાએ ઉગ્યો સૂર્ય મજેનો કે,
વ્હાણેલાં ભલાં વાયાં રે,
આ ભૂમિ માંહે નિજ દૃષ્ટિ છે નાંખી કે,
વ્હાણેલાં ભલાં વાયાં રે.
તારાગણની રે હારો જો પડી ઝાંખી કે !
વ્હાણેલાં ભલાં વાયાં રે.
બ્હેનો ભજજો રે ભાવથી ભગવાન કે,
વ્હાણેલાં ભલાં વાયાં રે,
ધરજો ધરજો રે સરસ્વતીનું ધ્યાન કે,
વ્હાણેલાં ભલાં વાયાં રે.
તજજો તજજો રે આળસ બ્હેન મારી કે,
વ્હાણેલાં ભલાં વાયાં રે.
સજજો સજજો રે ઉદ્યમ લાભકારી કે,
વ્હાણેલાં ભલાં વાયાં રે.

(પ્રેમની પ્રેમની પ્રેમની રે)

આવજો આવજો આવજો રે બ્હેનો,
સરવે નિશાળે આવજો;

લાવજો લાવજો લાવજો રે તમે;
પાઠ ઘેરથી શીખ લાવજો;

માતા પિતાની સેવા કરીને,
ગુરૂને શિશ નમાવજો રે. બ્હેનો. ૧

સમય રૂડો આ શિશુપણાનો,
રમત મહીં ન ગુમાવજો રે. બ્હેનો. ૨

નાની બ્હેન કે સખી હડી નવ આવે,
મન તેનું શાંતિથી મનાવજો રે. બ્હેનો. ૩

શીખિ નીતિને સમજી શીયળવ્રત,
ગુર્જરી ભૂમિ રૂડી દીપાવજો રે. બ્હેનો. ૪

" ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપી રે. " એ રાગ.

નીત નીત ઉઠીને નિયમીત ભણવા આવે રે,'
ભણેલી ભામા નિજ ગૃહ સરસ સુહાવે રે,

નીતિ શીખીને ગુરૂને શીશ નમાવે રે,
ગુણીયલ ભામા ગુર્જરી ભૂમિ દીપાવે રે.

અભણપણાથી ગુજરાતે અંધારૂં રે,
તજાવજો અજ્ઞાન, ભણાવી, અમ રૂં રે.

જન અંતરમાં જ્ઞાન દીપક વીણુ ગાંડું રે,
ભણે વર્તે, સૌને સમજી ભાંડુ રે.
અસલ આપણી સ્થીતિ મૂકી વિસરાતી રે,
સમજી ભણાવો, તનયા, સહુ ગુજરાતી રે!!

"રઘુપતી રામ રૂદેમાં રહેશો રે" એ રાગ.

શાણી સખી આજ, ભણી કહો શું કરીયે? રે,
દેશ, કાલ સ્થીતિ અનુસરીયે રે,
જીદ્દ જૂની હવે પરહરીએ રે,
નીજ ઉદય ઉદય નીત સ્મરીયે શાણી.
બાળલગ્ન બહુ બહુ બળીયે રે,
રોવા કુટવા થકી તે શું રળીએ રે?
કહો ઉદય પછી કયમ કળીયે? શાણી.
કરી કરજ, વરા જો આદરીયે રે,
મ્હોટી પંક્તિ મહિ જૈ ફરીયે રે,
કયમ કરજ દુઃખે નહીં ટરીયે? શાણી.
સારી સારી સભાઓને સ્થાપી રે,
દુખકારી કુચાલોને કાપી રે,
ઉપદેશ અધીક બધે આપી. શાણી.

"ક્યાં ગયો રે પેલી મોરલી વાળો" એ રાગ.

સાંભળો સખિયો સઉ મારી,
શિયળ ધરમ ઉર ધારિયે રે;
આ ભવસાગર વિશાળ તેમાં,
શિયળ હોડીથી તારીએ રે;

શિયળ વ્રતે નિઃશ્ચલ રહી તેનાં,
નામ સવારે સ્મરીયે રે; સાંભળો૦
પતિ વિણ અન્ય પુરૂષ સૃષ્ટિના,
બંધુ બરાબર ગણીયે રે; સાંભળો૦
વિનયથી વાત સ્ત્રીઓને શોભે,
હાસ્ય કરી નવ હસીયે રે; સાંભળો૦
શીયળવ્રતનું રક્ષણ કરતાં,
સંકટ સઘળાં સહીએ રે; સાંભળો૦
પતિ પ્રસન્ન સદા રાખ્યામાં,
જીંદગી અર્પણ કરીએરે; સાંભળો૦
મળ્યો મનુષ્યાદેહ મજાનો,
શીયળવ્રતથી ઉદ્ધરીએ રે; સાંભળો૦

" આમમાં ઝીણી ઝબુકે વીજળી રે,
ઝીણા ઝરમર વરશે મેઘ રે—ગુલાબી "—એ રાગ.

સજની ! વિધ વિધ સાડીયો સાંપડે રે,
પ્હેરવી સાડી શિયળ સુખકાર રે,
સુજાણ સખી, શિયળ સલુણી સહુ સાચવો રે,

સજની, ભાગુતર બદામનાં છોડલાં રે,
માંહિ છે વર્તન વિશુદ્ધ તણી મીજ રે,
સુજાણ સખી, શિયળ સલુણી સહુ સાચવો રે,

સજની, કષ્ટ વેઠી વૃત છે ઘણાં રે,
આપાણું શિર સાટે વૃત એક રે,
સુજાણ સખી, શિયળ સલુણી સહુ સાચવો રે,

સજની, શીખવાના ગ્રંથો ઘણા રે,
શીખીયે સતી જીવન ગ્રંથ એક રે,
સુજાણ સખી, શિયળ સલુણી સહુ સાચવો રે,

"જાન જનાવરની મળી મેઘાડંબર ગાજે" એ રાગ.

મંગળગીત પડતાં મૂકી, ભૂંડી ભાંડ ગવાયે,
મૂખથી ભાષણ અનુચિત કરે, આખી જાન લજાયે;
અમૃત ભોજન છાંડીને, વિષ મૂરખાંજ ખાયે;
અજ્ઞાનીઓ નેતા થયા, કોણ આવે સહાયે!!
નારીઓ કે આ જનાવરી, આ શું અન્યાય થાયે!
માતપિતા ભાઇ સાંભળે, ભૂંડું ભામની ગાયે;
ધર્મ દીસે કયા દેશનો! જોતાં કંઈ ન જણાયે!
કોઇ દેશે નથી દેખીયું, આમ ભાંડ ગવાયે;

ચોપૈયા.

સ્ત્રી કેળવણી એજ દુઃખથી મોક્ષતણું બારૂં!
સ્ત્રી કેળવણી દુઃખ સૌ હરશે આર્ય ભૂમિ તારૂં!
સ્ત્રી કેળવણી કલ્પવૃક્ષ હું તુજ માટે ધારૂં!
સ્ત્રી કેળવણી વિણ આર્યભૂમિ માંહી અંધારૂં!
ભલે થજો સૌ રાજનીતિ નિપુણ ભણી સારા!
ભલે ભણો સૌ દેશ દેશના વિવિધ ભાત ધારા!
બાળાઓ અજ્ઞાન રહી તો દેશ ડૂબી જાશે!
આભા જો વિદ્વાન બની તો સરવ સુખી થાશે!

(અચકો મચકો કારેલી) એ રાગ.

એ કુદરતના એ ધારો, બ્હેન !
સ્ત્રીઓ સુધરી તો દેશ સુખી.
ઉરમાં એ નિયમ ઉતારો, બ્હેન !
સ્ત્રીઓ સુધરી તો દેશ સુખી.

કયમ આર્યભૂમિ દુખિયારી ? બ્હેન ! સ્ત્રી.
કયમ પ્રજા શીરે દુઃખ ભારી ? બ્હેન ! સ્ત્રી.
સ્ત્રી અભણ અને અજ્ઞાની બ્હેન ! સ્ત્રી.
આ વાત નથી કંઈ છાની બ્હેન ? સ્ત્રી.
અજ્ઞાની કલેશ કરે છે બ્હેન ! સ્ત્રી.
શુભ વાત ન કાન ધરે છે બ્હેન ! સ્ત્રી.
ભુંડું કરતાં તે ન ડરે છે બ્હેન ! સ્ત્રી.
સુખ સંબંધીઓનું હરે છે બ્હેન ! સ્ત્રી.
વિવાહ સમે દુઃખ મ્હોટું બ્હેન ! સ્ત્રી.
સ્ત્રી ભાષણ કહાડે ખોટું બ્હેન ! સ્ત્રી.
મા, તાત, ભાઈ સાંભળતાં બ્હેન ! સ્ત્રી.
ધિક ! ધિક ! જે જન બડબડતાં બ્હેન ! સ્ત્રી.
અબળા છે લાજનો ભારો બ્હેન ! સ્ત્રી.
નીતિ શાસ્ત્ર સકળ સંભારો બ્હેન ! સ્ત્રી.
વળી મરણ સમે કુટો છાતી બ્હેન ! સ્ત્રી.
નથી સ્ત્રીઓ અરે શરમાતી બ્હેન ! સ્ત્રી.
કયા શાસ્ત્ર માંહે સમજાવ્યું ? બ્હેન ! સ્ત્રી.
કરે લોક આશ્રમી ફાવ્યું બ્હેન ! સ્ત્રી.

આવા કુચાલથી બહુ સહીયે બ્હેન ! શી.
દુઃખ કોની આગળ કહીએ ? બ્હેન! શી.

(ફુંદાળા દેવ વિઘ્નહરણ લંબોદર નામ તમારૂં, અથવા
હરી ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય) એ દેશી.

સૌ ધ્યાન ધરી, સુધારકો સુણજો આ અરજ અમારી.
દિલમાં ન ડરી, બજાવજો જે જાણો ફરજ તમારી;

સઉ ભરતખંડમાં વિચરીયે, દીલ્હિ કલકત્તે જઈ ફરિયે,
ક્ષણ વિચાર કરવો નવ કરિયે. સૌ ધ્યાન.

ત્યાં મનુષ્યનું મૃત્યુ થાયે, નહિ ભેગાં થઇ કુટવા જાયે,
નહિ નારી કરે 'હાયે'!! 'હાયે'!! સૌ ધ્યાન.

પણ સગા સંબંધી સૌ આવે, બહુ શાસ્ત્ર રીતિથી સમજાવે,
કહિં કાંણમોંકાણ કશી લાવે ?! સૌ ધ્યાન.

સ્ત્રીઓ તો અજ્ઞાનીજ ઠરે, પણ 'એ' 'એ' પુરૂષો શીદ-
કરે ?!
દ્વેશે શોધ્યું વાનરે કિંવા નરે ?! સૌ ધ્યાન.

ધૂળ કેમ શીર કોણે ઘાલી ? મૂળ કોણ વીર આપે ઝાલી?
ગુજરાત પીયે આ વિષ પ્યાલી. સૌ ધ્યાન.

નથી વેદ વિષે કશી વાત કરી, નથી લખ્યું સ્મૃતિમાં-
ક્યાંય જરી,
વળી પુરાણ કહે નથી વાત ખરી. સૌ ધ્યાન.

તરગાળા રમતાં જેમ ફરે, નહિ લાજ શરમથી કાંઇ ડરે,
ગુર્જર ગૌરાં શી ભવાઈ કરે ??! સૌ ધ્યાન.

ભોંડ જોનારાની ત્યાં થાતી, પણ નારી નથી કાંઈ શરમાતી,
બેશરમી બની કુટે છાતી ! સૌ. ધ્યાન.

અબળા છે લાજતણો ભારો, સહુ નીતિશાસ્ત્રને સંભાળો,
આ કુચાલ કયમ લાગે પ્યારો ? સૌ. ધ્યાન.

નર બૈરાં આધિન થઈ બેઠા, વ્યંઢળસમ ખુણે જઇ પેઠા,
સુધરેલ વીરો, આવો હેઠા ! સૌ. ધ્યાન.

હાંફણુનો રોગ મહીં ફાવે, કુટનારીને બહુ મુંઝાવે,
વૈદક પણ એ રીત સમજાવે. સૌ. ધ્યાન.

તન અબળાનું દુર્બળ થાયે, નિર્બળતા સંતતિને જાયે,
જુઓ દુઃખી કર્યું બાળક માયે ! સૌ. ધ્યાન.

ભલે હઠ કરી આખો ભવ રોજો, આંખો નિજ રોવાથી ખોજો,
(પણ) દમવાળી સ્ત્રીઓને પુછી જોજો. સૌ. ધ્યાન.

કહે જંગલી ને અજ્ઞાની સહુ, તનમાં ઉપજે વળી રોગ બહુ,
સમજુ આગળ દુખ કથા કહું, સૌ. ધ્યાન.
આ કુચાલ તજતાં નવ ડરજો, **નિંદા તમ કાને નવ[1]
ભરજો,**
કુટવા રોવાનું દુર કરજો. સૌ. ધ્યાન.

---

૧ નર્મદ, દલપતરામ, તીલંગ, ત્રીવેદી (લાલશંકર), મણી-લાલ, ગઝબારી, મહીપતરામ. કાબરાજી, નેત્રાજન, નવલરામ, ભંડારકર, રાનાડે, રમણભાઇ, જસ્ટીસ ચંદાવરકર, જસ્ટીસ તૈયબજી, મી. જોશી ગણેશ વાસુદેવ. એ રીત્યે સંસાર સુધારો કરતાં નિંદા કાને નવ ધરનારના નામના આદ્યાક્ષરોની આ લીટિ બનેલી છે.

માતા પિતાની સેવા વિષે.

(રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં) એ દેશી.

માતા ઉછેરી તેં મને લાડમાં,
સહી કષ્ટ અનેક પ્રકાર, બહુ વાર વાર; નમું માત તાતને. ૧
માતા ભોજન કરતાં રડી પડું,
ઉઠી મુજને લહે તું હાથ, ભીડી સ્નેહે બાથ. નમું. ૨
માતા શબ્દ ઉચરતાં ન આવડે,
કર્યા વિધવિધ તેં તો ઉપાય, શી રીતે ભૂલાય? નમું. ૩
માતા ચરણ ધરા પર ના ધરૂં,
હવે દોડું વિના આધાર, તે તુજ ઉપકાર. નમું. ૪
માતા વય થતાં મૂકી નિશાળમાં,
થયું આજ છે અક્ષરજ્ઞાન, દીધું જ્ઞાનદાન. નમું. ૫
માગું પ્રભુ પાસ પૂરણ પ્રેમથી,
નિશદિન તમ સેવ કરાય, પિતા અને માય. નમું. ૬
રામ લક્ષ્મણે તાત વચન પાળી,
વેઠયો વર્ષો સુધી વનવાસ, સહી ઘણો ત્રાસ. નમું. ૭
ભર દરિયો જુવાનીના જોસમાં,
અવગણના કશી ન કરાય, સેવા પ્રીતે થાય. નમું. ૮

"હું તો થાળ ભરૂંરે જગમોતીડે" એ રાગ.

આજે મંગળ દીવસ સાહેલડી,
આજે સોનાના સુરજ મ્હારે ઉગીયા
મ્હારા હર્ષ તણો નહિ પાર. આજે.
ભરી કુંકુમ કેસરના વાટકા,
પૂજું શ્રી પ્રભુ જગદાધાર. આજે.
જાણે મોતીના ચોક મેં પુરાવીયા,
પામી પૂરણ પ્રભુનો પ્રસાદ. આજે.
મ્હારા પિતાએ નીતિ વચન આપીયાં,
જાણે કુસુમનો વરસ્યો વરસાદ. આજે.
મ્હારી માતાએ ખોળે બેસાડી અને,
કીધાં વચન સુણ્યા મેં કાન. આજે.
"બેની સાસરીએ સુખથી સિધાવજે,
નહિ ત્યાં, અહીં જેવું થાશે તોફાન. આજે.
કહ્યું કરવું, ને ફરવું નહિ જરી,
સૌને બોલવું દઇ સનમાન. આજે.
જાણે નીતિ વિવેક તણી મૂરતી,
તો તું પામીશ જગમાંહી માન. આજે.
તારા પતિને પ્રભુપદ આપજે,
તેથી સુખી તું થૈઇશ તતખેવ. આજે.
નહિ વચન પતિ તણું ઉથાપજે,
બની શીયળવંતી કરજે સેવ. આજે.
તારા તાતનું નામ તું દીપાવજે,
રીઝે જે થકી દયાનીધિ દેવ." આજે.

હાલરડાનો રાગ.

આહા ! આર્યભૂમિની અધમદશા આવી રહી રે,
સકલ શિરોમણિ દેશ કરે દુખથી કલ્પાંત;
બંધુ બાળકીઓને ભાવથી સરવ ભણાવજો રે,
વિદ્યા સર્વ શાસ્ત્રમાં સકળ સુખનું બીજ છે કહી રે,
આપે કલ્પ લતા સમ યુગ યુગ સઘળાં સુખ. બંધુ૦
ચંદ્ર થકી રજની દીપે, દીપકથી ઘરદ્વાર;
નરનારી વિદ્યા વડે, સકળ શાસ્ત્રનો સાર;
સુશીલા આ સંસારે જન મનનો શણગાર છે રે;
સન્નારીથી સજ્જનો ! સુખકર છે સંસાર. બંધુ૦
રત્નજડિત શણગારને, ઉર એકાવળ હાર;
અંબર જરીથી ઓપતું, ઝાંઝરનો ઝમકાર;
રતિ સમ રૂપ છતાં જો અભણ અને અજ્ઞાન છે રે;
ધિક ! ધિક ! તે અબળાનો અવનીપર અવતાર. બંધુ૦
કેળવણી વિણ ભાળિયે, આળસ ઉપર પ્રેમ;
બાળલગ્નબંધન અને દ્વેષ કલેશ ને વ્હેમ,
નિંદા કરતી ભમતી ભાળો, સઘળી નારિયો રે;
દેખી સજ્જનનું કયમ દીલ નહીં દુભાય ? બંધુ૦
ગ્રંથો નીતિ વિવેકના ભામિનીથી જ ભણાય;
સર્વ સુખોને સાધવા, એકજ દીસે ઉપાય.
કન્યાશાળાની આ નમ્ર વિનતિ ઉર ધારજો રે;
દેજો બાળાઓને નીતિ, વિદ્યાનું દાન. બંધુ૦

મન વિષે.

" અલબેલી ને અંબે માત " એ રાગ.

છે ધન્ય તેહ નર નાર, મન મર્કટ બાંધે;
સ્વપ્ન સમો આ સંસાર, સમજી સુખ સાધે;
કામ ક્રોધ ને લોભ મોહ, તે કહો સુખની હાણ રે;
સમજી દૂર રહીએ સૌ સજની, એ દુરગુણની ખાણ. મન૦
ઇંદ્રિયરૂપી ચંચળ ઘોડા, ઉન્મારગે જનાર રે,
સારથી બનવા, કરવા બ્હેની! ધર્મ સંબંધી વિચાર. મન૦
ધૂવો ચીર નિજ પત્થર ઉપર, ધૂવો સદાય શરીર રે;
પણ મેલું અતીશે નવ દેખો, જન! મન રૂપી ચીર મન૦
ઉપદેશ તણી જાઓ સરીતા, મન શુદ્ધિ જ્યાં થાય રે;
જનમ જનમનો પાતકરાશિ, પલકે પ્રલયજ થાય. મન૦
દિવસ રાત જંજાળ મહીં ગઇ સુખ પછી કયાંથી પમાય રે,
હીરો જેવો મનુષ જન્મ તે, કોડી બદલે જાય મન૦

પ્રશ્નોત્તર ગરબો.

" તમે શાનાં માગો છો દાણરે ગોવાળીયા,
કાના મારગડો મેલોને " એ રાગ.

પ્ર—કહો બ્હેની ભણીને તમે શું કરશો ?
ઉ—સારૂં ચલાવીશું ગૃહ રાજ્ય
સાહેલી ભણી ગુણીયલ ગુજરાતને દીપાવીએ.
પ્ર—ગૃહ રાજ્ય શું ખોટું ચાલે છે ?
ઉ—એમાં ઝાઝા સુધારાની ખોટ રે સાહેલી ભણી
ગુણીયલ ગુજરાતને દીપાવીએ.

ગ્રંથો નીતિ વિવેકના, ભામીનીથીજ ભણાય,
સર્વ સુખોને સાધવા, એકજ દીસે ઉપાય.
પ્ર—કેવા કેવા સુધારા સખી કહો કરશો ?
ઉ—સ્ત્રી સુધારા સમાજ અમે સ્થાપીશું.
જેથી ગુર્જરી ભૂમિનું કષ્ટ કાપીશું.
જ્ઞાન સૂર્ય પ્રકાશી રહે પૂર રે સાહેલી,
જેથી સંસાર સુધરે જરૂર રે સાહેલી ભણી.
નદીઓ તણાં જેવાં પૂર છે રે લોલ,
જુવાની તેવી આ જરૂર છે રે લોલ.
સુધરીને દેશને સુધારીએ રે લોલ,
ધર્મ નીજ એજ ઉરધારીએ રે લોલ.
પ્ર—પુરૂષોથી શું થાય નહીં સુધારો, ?
ઉ—એક હાથે જુઓ ન પડે તાળી,
રથ ચાલે ન ચક્ર એક રે સાહેલી,
જોઈ સર્વે પ્રજાનો વિવેક રે સાહેલી,
શીખે વ્યક્તિ પ્રજાની એકે એક સાહેલી.
રહે જેથી ગુજરાત તણો ટેક રે સાહેલી. ભણી.

સીતા સ્વયંવર.

રાગ "રઘુનાથજીની ઘોડલી."

જનકપુરીરી દીપી રહીને, લીલા અપરંપાર,
વૈમાન હાથી રથ પાલખી રે,
ભારે ભારે મળ્યા સહુ ભૂપ
જનકરાયને માંડવે.

ઉત્સવ આજે નગરમાંહી, દીપોત્સવી સમ થાય,
ટોળે ટોળાં નરનારીયો મળી મંડપ જોવા જાય,
જનકરાયને માંડવે.

મંડપ લચતો મોતીડે ને, દીપક ઝાક ઝમાળ,
સીતાજી ચોરીમાં પધરાવીયાં રે સાથે દીપે જ્યાં—
દશરથ કુમાર. જનકરાયને માંડવે.

પાય પ્રક્ષાલન ત્યાં કર્યાં, રઘુવીરનાં જનકરાજન,
માત પિતાએ પ્રીતે પછી રે, દીધાં સીતાનાં કન્યાદાન
જનકરાયને માંડવે.

મંત્ર ભણે ભૂદેવ જ્યાં, વેદ રીતિ અનુસાર,
અગ્ની સમક્ષ રહી અને રે, ત્યાં તો વચન પરસ્પર થાય.
જનકરાયને માંડવે.

રામચંદ્રજી કહે આજથી છો "થયાં મુજ અર્ધાંગ,
ક્ષત્રીને એકજ સૃષ્ટિમાં રે, બાણ વચન અને સ્ત્રી જાણ,"
જનકરાયને માંડવે.

સીતાજી પ્રત્યુત્તરમાં વદે, છો મુકુટ મમ સહુ જાણ,
તમથી અધિક સૃષ્ટિ માંહીં રે, નથી દેહ, નથી મમ પ્રાણ"
જનકરાયને માંડવે.

પૂર્વ તણી પરણાલીકા આ, આજે જો અનુસરાય,
ધર્મ ને અર્થ સૌ સાંપડે રે, ગુજરાત સકલ સુખી થાય,
સુજન સહુ સાંભળો.

ચતુર ઘડી જે લગ્નની ત્યાં આ મંગળ ગીત ગાય,
ભુજ જોડી રઘુવીરને રે, સરવે માનુની પાવન થાય,
સુજન સહુ સાંભળો.

ગરબો.

રૂડી રૂડી ગુજરાત, અમ ગુણીયલ માત,
સુખદાતા સાક્ષાત તને નમિયે,
મળી સર્વ નાત જાત ભિન્ન ભિન્ન ભલી ભાત,
સુખદાતા સાક્ષાત તને નમીયે,

સાખી.

દાંતા, દમણ, દ્વારકાં, દોહદની વચમાંહી,
દેવળ તુજ અતિ ઓપતું, જેવું દીસે નહીં કયાંહિ,
કરીયે તે માંહિ યશોગાન તુજ માડી,
ભાત ભાતની ગુંથી ભલેરી ફુલવાડી,
જીવન ગળાય તુજ માટ દાડી દાડી,
શોભે શરીરે અમ, તુજ હેવ સાટી
હીંદુ પારસી જમાત, ખ્રીસ્ત ત્યાં અભિન્ન નાત,
સુખદાતા સાક્ષાત તને નમીયે. રૂડી રૂડી....

સાખી

પ્રેમ દયા દલમાં વસે નરમ દયાળુ નેણ,
નૃસીંહ ગોવરધન સમા વદી ગયા કવી વેણ[1]
વિધ વિધ નીતિ ગ્રંથ ગણાય ભણીયે ભાવેરે,
ગીત ગુર્જરી ગીરાનાં રચાય, ગુણીયલ ગાવેરે,

---

૧. દ્વી અર્થ છે—એક અર્થ-હે માતા ! તારા હૃદયમાં ને નેત્રમાં દયા જ ભરેલી છે એવું તારૂં ચિત્ર કવીઓએ આપેલું છે, ને બીજામાં કેટલાક નામાંકિત કવીઓનાં નામ છેઃ—પ્રેમાનંદ, દયારામ, દલપતરામ, નરમદાશંકર, નૃસિંહ મ્હેતો તથા નૃસિંહાચાર્યશ્રી અને ગોવરધનરામ.

સ્ત્રી કેળવણી સુખકાર રહે પ્રસારી રે,
સુધરે સુખી થાએ સઘ તો, નરનારી રે,

સાખી

તાતા ગોકળદાસ ને ત્રીજા પૌત્ર રણછોડ,[1]
ચોથો પાયો નવ મળે, છે ગુજરાતે ખોડ.
કેળવણી પ્રસારી કુચાલોને વિદારી સઘ સંસાર
સુધારી ધર્મ દીલ ધરીયે. રૂડી રૂડી....
ભલે મળે ગુજરાતને કેળવણી ભલીભાત,
કુચાલ દૂર કર્યા વિના, નહીં ઉદય સુપ્રભાત.
જનનીને ભૂમિ જન્મ સેવ સુખકારી રે,
સ્ત્રીશાળા સદન સંસ્થાપવાં લાભકારી રે,

સાખી

સાબ્રમતી મહી નર્મદા તાપી, સહિતતરંગ,
દમણ ગંગા દક્ષિણે, સરવેનાં શુભ ગંગ.
તેના સમાન તુજ ચરણામૃતે અમે--(૨)
રાચી સુધારીયે સમાજ માત આ સમે--(૨)
આ સમે-આ સમે-આ સમે-આ સમે.
ફરી ફરી અવતરીયે નહીં-ધર્મ વિચરીયે સઘ--
તરીયે સલુણી જેથી ભવદરીયે--
રૂડી રૂડી ગુજરાત.

---

૧. મતલબ એમ છે કે-મર્હુમ મી. તાતાએ જીઓલોજીકલ સર્વે માટે, શેઠ ગોકલદાસ તેજપાળે હાયર એજ્યુકેશન વગેરે માટે અને સરદાર સર ચીનુભાઇ બૅરોનેટ, એઓસાહેબે ટેકનીકલ કેળવણી માટે સારી રકમો કહાડી પરંતુ તેની એક મોટી રકમ સ્ત્રી કેળવણી માટે આપનાર વગર ગુજરાતમાં મોટી ખોટ છે.

નામદાર શહેનશાહ જ્યોર્જ પાંચમા તથા શહેનશાહબાનુ મેરીને દીલ્હી કોરોનેશન વખતે અભિનંદન આપવા લખાયલું

ગીત.

રાગ—" સુંદીર મુખનુંદિલ વપુકેનદિશરા "—ને મળતો,

અથવા

" મધુરી કીરતિ સતીની જગ છવાઈ છે સખી" ને મળતો.

જય ! શહેનશાહ જ્યોર્જ ! પ્રણમીયે અમે;
જય ! જય ! મહારાણી મેરી, હીંદ તનુ નમે;
દ્વીતિયવાર પુનિત કર્યાં (૨) આજ આ સમે !
જય !...............

× × × × × ×

ટાળક દુઃખ સકલ, ઉગ્યો સૂર્ય પ્રાચિયે !
બાળક સહુ હીંદ તણાં, નીરખી રાચીયે;
પાળક અમ અમર રહો (૨) એજ યાચિયે !
જય !...............

× × × × × ×

ભવની પૂર્વ, અનુપમ તમ, અખુટ સુકૃતિ,
અવની તલની ઉત્તમ ભૂમિના થયા પતિ,
નવનીત કુલવાડી કુલ—(૨) વેલી રસવતી—
.... જય...............

સાખી

પ્રથમ કદી હેડું નહીં હર્યું હીંદનું આમ,
સદી, રાજ્ય, ને હીંદને દીપાવી દીધાં તમામ.

ગ્રંથિ અથવા ટુંકી વાર્તાઓ—કિં. રૂ. ૦-

આ પુસ્તક મુંબઈ ઇલાકાની પ્રાથમીક અને એં ગ્લોવર્નાક્યુલર સ્કૂલોમાં લાઇબ્રેરી માટે તથા નામદાર ગાયક વાડ સરકારમાં ઇનામ તથા લાઇબ્રેરી મંજુર થએલું છે. ગુજરાતના વિદ્વાનોએ તેમજ છાપાએ ઉત્તમ અભિપ્રાયો આપ્યા છે. અભિપ્રાયોનું ચોપાનીયું લખવાથી મોકલવામાં આવે.

શ્રીગીતા—અથવા વીજળી ગામડીયણ. (ગુજરાતી પંચની બીજા વર્ષની ભેટ) એક અદ્ભુત સંસારી નવલકથા. બીજી આવૃત્તિ છપાય છે. કીં. રૂ. ૧-૦-૦.

સુવર્ણકુમારી—પૂર્વનો વર્ણાશ્રમ ધર્મ પુનઃ પ્રવર્તાવવા પેટા જ્ઞાતિઓના એકીકરણનો એક પ્રયત્ન.

સાંજવર્તમાન લખે છે કેઃ—× × × હાલના જ્ઞાતિબંધનના ત્રાસનું વીવેચન પણ ઘણું સરસ લખ્યું છે...... આવી નવલ કથાઓ હીંદુ સંસારનું ગાડું આગળ ચલાવવા માટે આવશ્યક છે.

પદ્મકુમારી—અથવા આધુનીક નાટકોનો ઉદ્દેશ શો દેખાય છે ને શો હોવો જોઇએ. પ્રથમ ભાગ કીં. રૂ. ૦-૧૨-૦ બીજો ભાગ તૈયાર થાય છે.

કાયદાનાં પુસ્તકો.

મુંબઇનો મામલતદારની કોર્ટનો એક્ટ. સને ૧૯૦૬ નો બીજો ગુજરાતીમાં શુદ્ધ સરલ ટીકા સાથે.

ઇન્ડીયન પીનલકોડ અથવા હીંદુસ્થાનનો ફોજદારી કાયદો-ગુજરાતીમાં સંપૂર્ણ ટીકા ઇંગ્લંડના તેમજ હીંદુસ્થાનની તમામ કોર્ટોના ફેસલા સુધારા વધારા તથા ક્રીમીનલ મેક્સીમ્સના પરિશિષ્ટ સાથે. કીંમત રૂ. ૫.

મળવાનું ઠેકાણું:—

વલ્લભજી ભાણજીશંકર ભટ્ટ.

વકીલ, સાદરા-મહીકાંઠા.

ગ્રંથિ અથવા ટુંકી વાર્તાઓ—કિં. રૂ. ૦-૮

આ પુસ્તક મુંબઇ ઇલાકાની પ્રાથમીક અને એંગ્લોવર્નાક્યુલર સ્કુલોમાં લાઇબ્રેરી માટે તથા નામદાર ગાયકવાડ સરકારમાં ઇનામ તથા લાઇબ્રેરી મંજુર થએલું છે. ગુજરાતના વિદ્વાનોએ તેમજ છાપાઓએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે. અભિપ્રાયોનું ચોપાનીયું લખવાથી મોકલવામાં આવે છે.

ત્રીગીતા—અથવા વીજળી ગામડીયણ. (ગુજરાતની બીજા વર્ષની ભેટ) એક અદ્ભુત સંસારી નાટકની બીજી આવૃત્તિ છપાય છે. કી. રૂ. ૧-૮-૦.

સુવર્ણકુમારી—પૂર્વનો પશ્ચિમ ધર્મ પ્રેમ અને પેટા ગ્નાતિઓના એકીકરણનો એક પ્રયત્ન.

સાંજવર્તમાન લખે છે કેઃ—× × × હાલના ગ્નાતિબંધનના ત્રાસનું વિવેચન પણ ઘણું સરસ કર્યું છે...... આવી નવલ કથાઓ હીંદુ સંસારનું ગાડું આગળ ચલાવવા માટે આવશ્યક છે.

પદ્મકુમારી—અથવા આધુનીક નાટકોનો ઉદ્દેશ શો ફેલાયેલ છે ને શો હોવો જોઇએ. પ્રથમ ભાગ કી. રૂ. ૦-૧૨-૦ બીજો ભાગ તૈયાર થાય છે.

કાયદાનાં પુસ્તકો.

મુંબઇનો મામલતદારની કોર્ટનો એક્ટ. સને ૧૯૦૬ નો બીજો ગુજરાતીમાં શુદ્ધ સરલ ટીકા સાથે.

ઇન્ડીયન પીનલકોડ અથવા હીંદુસ્થાનનો ફોજદારી કાયદો—ગુજરાતીમાં સંપૂર્ણ ટીકા ઇંગ્લંડના તેમજ હીંદુસ્થાનની તમામ કોર્ટોના ફેસલા સુધારા વધારા તથા ક્રીમીનલ પ્રોસીજરના પરિશિષ્ટ સાથે. કીમત રૂ. ૫.

મળવાનું ઠેકાણું:—

ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ.

વકિલ, સાદરા-મહિકાંઠા.